સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ખાયકીના મહાસાગરે બેન્કો ડૂબતી જાય છે,
પ્રજાની બેન્કમાં શ્રદ્ધા ડૂબતી જાય છે,
ડૂબતી જાય છે આબરૂ વિશ્વમાં અર્થતંત્રની -
સ્વપ્નોની રંગીન ક્ષિતિજે ડૂબતી જાય છે.

હાઈકુ

ગળી જાય છે
વિશ્વાસની થાપણ
બેન્ક સાપણ!

આપે આઘાત
કરે વિશ્વાસઘાત
ડૂબે ગ્રાહક

ચિંતન

ધર્મ : કામશ્ચ દર્પશ્ચ ક્રોધઃ સુખં વયઃ ।
અર્થાદેતાનિ સર્વાણિ પ્રવર્તન્તે ન સંશયઃ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્રગીતામાંથી લેવામાં આવેલ છે.

ધર્મ, કામ, અભિમાન, હર્ષ, ક્રોધ, સુખ, ઉમ્મર, આયુષ્ય, આ બધું જ અર્થ-ધન-સંપત્તિ દ્વારા જ થાય એમાં કોઈ શંકા નથી.

જીવનમાં પૈસાનું મહત્વ નથી એમ કહેનારા મહાત્મા-સંતો, ફકીરો, પીઠાધીશો બધા જ આશ્રમ-તપોવનો બનાવી આધુનિક સુવિધાઓ સાથે આરામદાયક 'તપસ્વી' જીવન જીવતા હોય છે. પૈસા વિના હોમ-હવન-ધર્મ શક્ય નથી. પૈસા હોય એટલે અભિમાન તો એના પાળેલા કૂતરા જેવું છે. સુંઘતું સુંઘતું પાછળ પાછળ આવી જ જાય.

હર્ષ-આનંદ, પૈસાથી જ પ્રાપ્ત થાય છે. ગરીબીને માટે એ શક્ય નથી. પૈસા હોય તો જ ક્રોધ, ઊંચો સ્વર શક્ય બને. ગરીબીમાં નમ્રતા જ હોય છે. પૈસાથી આરોગ્ય, સારવાર, ઉંમર, આવરદા જળવાય છે.

જીવનમાં પૈસાનું મહત્ત્વ છે પણ પૈસા પાછળ પડી ન જવાય. એને તો પાછળ જ રાખવો જોઈએ.

સુવિચાર

- કોઈ સાધુ ફકીરને ઓળખ, તે પહેલા શરીરને ઓળખ, ધન વગર મોજશોખ માણે છે, કોક એવાં અમીરને ઓળખ તું આસન લગાવ અંતરમાં, તું જ તારા કબીરને ઓળખ - **એસ. ભટ્ટાચાર્ય**
- રોગના ડરથી માનવી ખાવાનું બંધ કરી દે છે
  પરંતુ મોતના ડરથી તે પાપ કરવાનું છોડતો નથી - **માધવપ્રિયદાસજી**
- પિતા એક એવું પાત્ર છે કે જે ગયા પછી પરખાય, માતા હયાતિમાં પોંખાય - **અમૃતા પ્રિતમ**
- પ્રભુ સિવાય મારું કોઈ નથી એવા રટણ સાથે મંત્ર જાપ કરવો એનું નામ વૈષ્ણવી વિદ્યા? - **ભાગવત**
- સર્વનાશ સામે ઊભો હોય તો અર્ધનાશ સ્વીકારી લેવામાં ડહાપણ છે - **નીતિશાસ્ત્ર**
- નેતા એને કહેવાય જે હંમેશા અનુયાયીથી આગળ ચાલે,
  તે નિર્ભિક અને સાહસી હોય - **લાલા લજપતરાય**
- આજનું ઔષધ : જામફળના કુણા પાન વાટી એની પોટીસ બનાવી આંખ પર બાંધવાથી આંખોનો દુઃખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઘરડા પાદરીના દાંત જતા રહેવાથી ચોખટું કરાવ્યું. રાત્રે સૂતા પહેલા ચોખટું પાણી ભરેલા વાટકામાં મૂકતા. એક દિવસ સવારમાં પાદરી ઉઠ્યા અને પેટમાં દુઃખવા લાગ્યું. સ્વભાવ પ્રમાણે વાટકા તરફ હાથ કર્યો કે ચોકઠું પહેલી લઉં પણ ત્યાં ચોકઠું હતું નહિ. પાદરીને લાગ્યું કે કદાચ રાત્રે ચોકઠું કાઢવાનું ભૂલી ગયા હતા. અને હવે એ પેટમાં જતા રહેવાથી જ પેટ દુઃખે છે. આવો વિચાર આવતા પીડા વધવા લાગી અને પાદરી બૂમો પાડવા લાગ્યા. એવામાં એમના સાથી પાદરી આવ્યા એમણે બૂમો પાડવાનું કારણ પૂછ્યું ત્યારે ઘરડા પાદરીએ કહ્યું, 'રાત્રે હું ચોકઠું મોઢામાંથી કાઢવાનું ભૂલી ગયો હતો. જે પેટમાં જતું રહ્યું છે અને હવે તે મારા આંતરડા કાપી રહ્યું ચે. અને હું મરી રહ્યો છું.' પેસા સાથી પાદરી એમને દવાખાને લઈ ગયા. ડૉકટરો એ વાત સાંભળીને કહ્યું, 'પાદરી સાહેબ, તમારું ગળું એટલું મોટું નથી જ કે જેમાંથી આટલું મોટું ચોખટું પેટમાં જાય.' ઘરડા પાદરીએ કહ્યું, 'ડૉકટર સાહેબ, તમને શું ખબર પડે? પીડા તો મને થાય છે અને તમે મજાક કરો છો.' ડૉકટરો એ કહ્યું, 'સારું ફાધર !! ઓપરેશન કરી જોઈએ !! ઓપરેશનના સાધનો તૈયાર કર્યા. ક્લોરોફોર્મ મંગાવી લીધું. પાદરી સાહેબને બેભાન કરે તે પહેલાં ચર્ચનો એક કર્મચારી દોડતો દોડતો રૂમમાં આવ્યો અને કહ્યું, 'ફાધર, તમારું ચોકઠું બિલાડી લઈ ગઈ હતી કે જે ચર્ચમાં બીજા માળેથી મળ્યું છે.' આ વાત સાંભળી ડૉકટરો હસવા લાગ્યા. વૃદ્ધ પાદરી પોતાની ટેબલ પર સૂતો છું. પીડા ઓછી થવા લાગી છે અને હવે તો જરા પણ પેટમાં દુઃખતું નથી.'

રાષ્ટ્રીય સ્તરે વિપક્ષનો ચહેરો બનવાની મથામણ

તંત્રીસ્થાનેથી...

ચોમાસુ સત્રમાં જાસૂસી, કોરોના નિયંત્રણ અને ખેડૂતોના મુદ્દે સતત ઊહાપોહ મચાવી રહેલ વિપક્ષ ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ એક મંચ પર આવી ગયો હોવાનો આભાસ સર્જવામાં પ્રશાંત કિશોરની ફોર્મ્યુલા કારગત નીવડી છે. આ ચૂંટણીના ચક્રવ્યૂહના નિષ્ણાંતે વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી લઈ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને પંજાબના મુખ્યમંત્રી અમરિંદરસિંહથી લઈ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન રેડ્ડી સુધીના નેતાઓ સાથે કામ પાડેલું છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને અને કોંગ્રેસનાં સોનિયા-રાહુલને સલાહ આપતા રહ્યા છે. છેલ્લે શરદ પવાર સાથે બેઠકોનો દોર ચલાવી રાષ્ટ્રીય સ્તરે એક મજબૂત વિપક્ષ ઊભો કરવાનો પ્રયાસ કરનાર પ્રશાંત કિશોરે એક મુદ્દે ટકોરાબંધ રજૂઆત કરી છે અને તે એ કે દેશમાં ત્રીજા મોરચા જેવું ગતકડું કોઈ સંજોગોમાં સફળ થઈ શકે એમ નથી. કોંગ્રેસ ભલે સતત હારતી જતી પાર્ટી હોય પણ એનાં મૂળિયાં ઊંડાં છે અને દેશવ્યાપી છે. એ ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે. એને હાંસિયે ધકેલીને ભારતીય જનતા પાર્ટીના વર્તમાન કદાવર અને તાકતવર પ્રતિસ્પર્ધી સામે મેદાનમાં ઊતરવાથી સત્તા હાંસલ થવાની નથી, નથી ને નથી જ! આ સમજણ મમતા બેનરજીમાં પણ પૂર્ણતાએ પાંગરી છે. એથી સ્તો તેઓ મહત્ત્વાકાંક્ષી હોવા છતાં સંયુક્ત વિપક્ષ કોઈ અન્ય ચહેરાને આગળ ધરી ચૂંટણી લડવા સહમત થાય તો પોતે અદના કાર્યકર અને સહયોગી તરીકે એમાં મનથી ઝુકાવી દેવા તૈયાર હોવાનું કહે છે. સામે ચાલીને તેઓ સોનિયા-રાહુલને મળ્યાં તે સૂચક છે. એમનું પ્રથમ અને અંતિમ ટાર્ગેટ નરેન્દ્ર દામોદરદાસ મોદી છે. એમનું ૨૦૨૪નું ચૂંટણીમાં પુનઃ વડાપ્રધાન પદની ખુરશી સુધી નહીં પહોંચવા દેવાના દૃઢ સંકલ્પ સાથે આ બંગાળની વાઘણ આખા દેશમાં ઘુઘવાટા કરતી ફરશે. વિપક્ષી નેતા તરીકે મમતા બેનરજીનું નામ ઊપસાવવાના પ્રયત્નો વિવિધ સ્તરેથી થઈ રહ્યા છે. મોદીના પ્રશંસક ગણાતા ફિલ્મી જગતના મહાનાયક અમિતાભ બચ્ચનનાં ધર્મપત્ની અને વર્ષોથી સમાજવાદી પાર્ટી તરફથી રાજયસભાનાં સદસ્ય તરીકે ચૂંટાતાં રહેતાં જયા બચ્ચને આગામી વડાપ્રધાન તરીકે કોઈ મહિલા સુકાન સંભાળે એવી અપેક્ષા રાખી છે. મમતા બેનરજી પાસે આમ જુઓ તો દેશના પચાસ ટકા મતદારો છે - પોતે મહિલા હોવાના નાતે તેઓ મહિલા મતદારોને જરૂર આકર્ષી શકે એમ છે. ઈંદિરા ગાંધી અલબત્ત ન ભૂતો ન ભવિષ્યતિ કક્ષાનાં વડાપ્રધાન સિદ્ધ થયાં હતાં પરંતુ એમની પૂંઠ પાછળ પંડિત નહેરુનો પ્રચંડ પડછાયો હતો. મમતા બેનરજી આપબળે આગળ આવેલાં મહિલાને નેતા છે. એમની કહેવાતી સાદાઈ અને નિખાલસતાને કારણે આ સેવાધર્મને વરેલાં મહિલાને બંગાળના બૌદ્ધિક સમુદાયથી લઈ આમ જનતાનો ભરપૂર પ્રેમ અને સમર્થન સાંપડતું રહ્યું છે જેની સામે ભાજપ અને કેન્દ્ર સરકારની તાકાત પણ નામોશ અને ખામોસ થઈ ચૂકી છે. પરંતુ મમતાનો પ્રથમ ઉદ્દેશ છે. મોદીને હટાવવાનો - એ માટે આખા દેશમાં 'ખેલા હોબે'ની રમઝટ બોલાવવા તેઓ સુસજ્જ બની રહ્યાં છે. શાંત જણાતા વિપક્ષી રાષ્ટ્રીય નેતા શરદ પવાર એમની વિચક્ષણ કૂટનીતિ અને કાર્યદક્ષતાના મુદ્દે વડાપ્રધાન પદનો સર્વમાન્ય ચહેરો બની શકે છે તો વળી ઝુઝારુ લડવૈયાની જેમ સતત મોદી વિરુદ્ધ જંગે બહાદુર રહેતા કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી પણ બીજા કોઈ પણ વિપક્ષી નેતા કરતાં વધુ આક્રમક અને સતત સક્રિય દેખાતા રહ્યા છે. આખરે કોંગ્રેસ વિપક્ષી જૂથનું નેતૃત્વ કરી શકે એવી રાષ્ટ્રીય પાર્ટી તો છે જ. પ્રાદેશિક પાર્ટીઓ સાથે સમાધાન કરીને ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ લોકસભાની ચૂંટણી ધરાવતા પક્ષ તરીકે ઊપસી શકે અને પ્રાદેશિક વગ ધરાવતા વિપક્ષો પણ એમને કોંગ્રેસના ઉમેદવારથી થતી કનડગત નિવારીને ભાજપના ઉમેદવારને મજબૂતાઈપૂર્વક ટક્કર આપી શકે. પ્રશાંત કિશોરની ફોર્મ્યુલામાં વિપક્ષી ચહેરો તો અલબત્ત, મમતા બેનરજી જ હોય, પણ સમાધાનની રૂએ યુવા નેતા રાહુલ અને પીઠ નેતા શરદ પવારને આગળ ધરી મમતા બેનરજીને એમનાં શારથિનો પાઠ ભજવવા પણ તેઓ સહમત કરી શકે એમ છે. છેલ્લો ચુકાદો તો સમય જ આપતો રહ્યો છે અને સમય હંમેશને માટે કોઈની પીઠ થાબડતો નથી કે કોઈનો ઓશિયાળો થઈને રહેતો નથી તે સમજી લેવાની જરૂર છે.

મરડાની આયુર્વેદ સારવાર

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

ચોમાસાનો પોતાનો આગવો મિજાજ છે. વરસતા વરસાદે ગરમાગરમ ચા-પકોડા-દાલવડા-ભજીયા ખાવાની મજા બધાએ માણી જ હશે. ચોમાસાના મિજાજની જેમ ચોમાસામાં થતા રોગોનો મિજાજ પણ આગવો છે. ચોમાસામાં મુખ્યત્વે મચ્છરો અને પાણીથી થતા રોગો વધુ જોવા મળે. ચોમાસામાં ભેજ ને કારણે તેમજ પાણી ભારે થઈ જવાને કારણે ઈન્ફેકશન થવાનો ભય વધુ રહે છે. ચોમાસાની સિઝનમાં શરદી તાવની સાથે સાથે ઝાડા ઉલટી અને મરડાના કેસ વધુ જોવા મળે છે. આજે આપણે મરડા વિષે અને તેની આયુર્વેદિક સારવાર વિષે જાણીશું.

મરડામાં મરોડ સાથે મળપ્રવૃત્તિ થાય છે. પેટમાં ચૂંક આવે અને વારંવાર મળત્યાગ કરવા જવાની ઈચ્છા થાય . સંસ્કૃતમાં મરડાને 'પ્રવાહિકા' અને અંગ્રેજીમાં 'ડીઝેન્ટ્રી' કહે છે. આયુર્વેદ પ્રમાણે મરડો થવાના અનેક કારણ છે. જેમકે પાચનતંત્ર મંદ હોવું, દૂહિત પાણી પીવું, વિરુધ્ધાહાર લેવો, જમ્યા બાદ ફરી જમવું, કૃમિ હોવા આદિ. આયુર્વેદે મરડાના ચાર પ્રકારો કહ્યા છે જેમાં ક્રમશઃ વાયુ, પિત્ત, કફ, અને રક્ત દૂષિત થવાને કારણે થતા મરડાનો ઉલ્લેખ છે.

આધુનિક તબીબી વિજ્ઞાન મુજબ

મરડો થવાનું કારણ કૃમિ છે. આ ઉપરાંત મોટા આંતરડાની દીવાલ પર ચાંદા પડવાથી પણ આ રોગ થઈ શકે છે. આધુનિક વિજ્ઞાન દ્વારા મરડાના બે પ્રકારો પાડવામાં આવ્યા છે.

૧. એમીબીક ડીઝેન્ટ્રીઃ આ પ્રકારનો મરડો ધીમી ધીમે વધે છે. દિવસ માં ૫-૭ વખત મળત્યાગ માટે જવું પડે, પેટમાં જમણી બાજુએ ચૂંક આવે અને દુખે, ઝાડામાં દુર્ગંધ આવે અને તાવ જોવા ન મળે.

૨. બેસીલરી ડીઝેન્ટ્રી : આ પ્રકારના મરડામાં અચાનક ખૂબ બધા પાણી જેવા ઝાડા થાય, પેટમાં ડાબી બાજુએ દુખે, તાવ પણ આવે, ઝાડામાં દુર્ગંધ ન હોય, ક્યારેક રક્તસ્રાવ પણ થાય.

લેબોરેટરીમાં મળપરિક્ષણ કરાવવાથી ચોક્કસ નિદાન થઈ શકે.

હવે જોઈએ મરડાની આયુર્વેદિક સારવાર...

- સૌ પ્રથમ તો પાચનતંત્રને સુધારવું. ઉપવાસ કરવો અથવા તો શક્ય તેટલો હળવો ખોરાક લેવો, અશક્તિ ન રહે તે માટે ઈલેક્ટ્રોલાઈટસનાં મિશ્રણ યુક્ત પાણી વારંવાર લેવુ

- આયુર્વેદમાં વર્ણવ્યું છે કે શરૂઆતના મળને રોકવો નહિ. તેમાં મળની સાથે સાથે શરીરનો દૂષિત ભાગ પણ બહાર આવતો હોય છે. આથી શરૂઆતના અમુક મળવેગોને રોકવા નહિ

- મરડાના ઔષધોની વાત કરીએ તો શ્રેષ્ઠ ઔષધ 'કુટજલ્લ છે. આપને ગુજરાતીમાં તેને 'કડાછાલલ્લ કહીએ. કોઈ પણ આયુર્વેદિક સ્ટોરમાં સહજતાથી ઉપલબ્ધ આ ઔષધની ગોળી તરત પરિણામ આપે છે. કુટજ ઉપરાંત બીલાનો ગર્ભ, નાગરમોથ, લોધર, મોચરસ, જાયફળ, નાગકેસર વગેરે પણ ઉપયોગી છે.

- આહારમાં એકદમ હળવો ખોરાક લેવો. મરચું-ગરમ મસાલા બિલકુલ ન લેવા, શક્ય હોય તો અમુક દિવસો ફક્ત દહીભાત, મગનું પાણી અને દાડમ પર જ વિતાવવા. ત્યાર બાદ ધીરે ધીરે રોટલી, શાક શરુ કરવા.

(મો.) ૯૮૭૯૪૭૧૧૪૭

બધા જ લોકો જો પહેલા નંબરે આવશે તો છેલ્લે કોણ આવશે!

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

છાપામાં રોજ ખબર આવે અને જાણ થાય કે ફલાણી વ્યક્તિ ફલાણું મેડલ જીતી, આટલા ટકા માર્કસ મેળવ્યા અને તરત ભોપાના દિલમાં ફાળ પડે...!

એમાં એવું છે કે ભોપાના પપ્પા મગનલાલને એમ કે એમના દીકરાએ જીવનમાં કંઈ ઉકાળ્યું નથી. એમના જેવા ઉત્સાહી બાપ મળ્યાનો દીકરાએ જરાય ફાયદો નથી ઉઠાવ્યો! ભોપાનો જન્મ થયો ત્યારે મગનલાલે આખી સોસાયટીમાં પેંડા વહેંચ્યા હતાં. એમને હૈયે હરખ માતો નહોતો. એમના બે ભાઈઓના ખાનદાનમાં આ પહેલું પુત્રરત્ન અવતરેલું, બીજા ભાઈને ઘેર બે દીકરીઓ પછી ફૂલ સ્ટોપ આવી ગયેલું, ત્યારે હવે એમના સમસ્ત કુળની જવાબદારી આ જ નાનકડા જીવ ઉપર છે એમ માનીને એમની છાતી ગજ ગજ ફૂલેલી...

કેટલા ઉત્સાહથી એમણે દીકરાનું નામ કોઈ રાજાને શોભે એવું ભૂપેન્દ્ર રાખેલું. દીકરાની ફોઈએ મોઢું મચકોડી કહેલું પણ ખરું કે આવું જુનવાણી નામ શીદને રાખો છો પણ એમને શું ખબર મગનલાલને મન ખરેખર દીકરાને રાજા બનાવવાના અભરખા જાગી ઉઠ્યા હતાં.

ભૂપેન્દ્રને બાલમંદિરમાં દાખલ કર્યો ત્યારે ફરી એના પપ્પાએ આખી સોસાયટીને પેંડા ખવડાવેલા અને કહી દીધેલું કે મોરનું ઈંડુ ભણવા જઈ રહ્યું છે હવે દર સાલ પેંડા ખાવાની આદત કેળવી લેજો. મગનલાલે પોતે દસમું ધોરણ માંડ માંડ પાસ કરેલું અને પછી ઘરના ધંધામાં જોડાઈ ગયેલા ત્યાં દીકરાએ મોરલો બની કેવી કળા કરવાની હતી એની ચર્ચામાં પડ્યા વગર સોસાયટીમાં બધાએ હોંશે હોંશે પેંડા ખાઈ લીધેલાં. આ દુનિયામાં કહે છે કે ઝેર પણ મફત મળે તો લોકો એ લેવા લાઈનમાં ઊભા રહે ત્યારે મીઠાં મીઠાં પેંડાની તો વાત જ શી કરવી!

જિંદગી ખરેખર ખૂબ નખરાળી છે! ભૂપેન્દ્ર પહેલાં દિવસે શાળાએ ગયો અને એના બાપાએ પેંડા વહેંચ્યા એ વહેંચ્યા ત્યાર બાદ આજ વીસ વરસ વીત્યા છતાંય સોસાયટીમાં ફરી ભૂપેન્દ્રને નામે પેંડા નથી વહેંચાયા...

એને શાળામાં દાખલ કર્યો ત્યારે શરૂઆતમાં શિક્ષકોએ ભારે જહેમત લીધેલી પણ પછી થોડાક જ દિવસોમાં એમણે એનું નામકરણ ભોપો કરી નાખેલું અને જાહેરાત કરેલી કે ભોપાના નસીબમાં સરસ્વતી દેવીની કૃપા નથી! જો કે શિક્ષકોના આ પગલાંની હું કડી નિંદા કરું છું. એ વખતે મગનલાલ પણ ઉકળી ઉઠેલા, આખી શાળા માથે લીધેલી અને છેવટે પોતાના પુત્રની હોશિયારી સાબિત કરવા એમણે સારામાં સારા શિક્ષક પાસે ટ્યુશન રખાવેલું, એના મામાને ત્યાં વરસ ભણવા મૂકેલો, કોઈ વિકાસ ના દેખાતા છેવટે એમણે જાતે જ પુત્રને ભણાવી જોયેલો અને પછી એક દિવસ કંટાળીને એમણે પણ એને ભોપો કહી દીધેલું.

ભણવામાં ભોપો કંઈ ઉકાળી શકે એમ નથી એ જાણી અને માની લીધા બાદ મગનલાલે એને રમતો રમવા તરફ વાળવા પ્રયત્ન કરેલો. એમાંય કેટલાય પ્રયત્નો કર્યા બાદ પણ ભોપો કશું જ નહોતો કરી શક્યો. હકીકતે એ સ્વભાવથી જ અતીઆરામ પ્રિય હતો અને નવરા બેઠાં ખાટલામાં પડ્યા સપના જોવાથી અધિક એ કાંય કરી શકે એવી હાલતમાં જ નહોતો.

ખેર બાપનો જીવ કોને કહ્યો? મગનલાલે એના આળસુ સ્વભાવને જોઈ એને લેખક બનવા પ્રેર્યો. (જો જો કોઈ લેખકોને આળસુ કહેતા!) નવા નવા વાર્તાના પુસ્તકો લાવી આપ્યા. ચારપાંચ વાર્તા વાંચી કાઢ્યા બાદ એ બધીમાંથી એક એક ફકરો ઉઠાવીને એમનો ભૂપેન્દ્ર એક નવી વાર્તા લખી કાઢશે એવી એમની આશા હતી પણ ભોપો જેનું નામ એના ખાટલામાં પડેલા વાર્તાના પુસ્તકો બકરી ચાવી ગયેલી અને ભોપો જોતો રહી ગયેલો...

આ બધું થતું રહ્યું એ દરમિયાન મગનલાલના ભાઈની બંને દીકરીઓએ આખા સમાજમાં નામ કાઢેલું. એક કોલેજમાં પ્રોફેસર થયેલી અને બીજી કબ્બડ્ડી રમવામાં નેશનલ લેવલે પહોંચેલી.

પુત્ર હોય તો જ કુળનું નામ થાય એવી મગનલાલની માન્યતા અંત પામેલી અને એમના મનમાં એક નવો શંકાનો કીડો ખદબદવા લાગેલો, એમને ભોપામાં પોતાનું લોહી હોવા બાબતે શંકા જાગેલી પણ પછી ભોપાના અને એમના ચહેરાની સામ્યતા જોઈ એ ખ્યાલ મનમાંથી કાઢી ફેંકેલો.

આ વાત એક ભોપાની નથી પણ એવા કેટલાય છોકરાઓની છે જે ખરેખર એમના જીવનમાં કશું જ આગળ પડતું નથી કરી શકતા. એમનામાં કોઈ ખોડખાંપણ છે કે બુદ્ધિ નથી એવું નથી પણ એમને એવી કોઈ ઈચ્છા જ થતી નથી. બે સમય જમવું, જીવવા પૂરતું જરૂરી હોય એટલું જ કામ કરવું અને બાકીનો સમય ખાટલામાં પડ્યા રહેવું એ જ એમને મન જીવન છે.

ક્યાંક એવી શક્યતા પણ ખરી કે પોતાના પિતા અને એમની આગળની પેઢીના મહાન કરનામાં જોઈ એક નવો જીવ એના કોચલામાંથી બહાર આવતા પહેલા જ ગભરાઈ જાય અને છેવટે જિંદગી સામે બાથ ભીડવાની જગ્યાએ એ આળસુ બની રહેવાનું પસંદ કરવા લાગે. ક્યારેક એવું પણ બનતું હોય કે માબાપ પોતે જે ના કરી શક્યા એ બધા જ સપનાઓ પૂરા કરવાનો ભાર એમના બાળકોના નાજુક ખભે નાંખી દે અને બાળક એ ભાર તળે જ દબાઈને રહી જાય.

સામાન્ય મનુષ્ય જીવનમાં શાંતિ શોધતો હોય છે, ખુશી અને ચેન શોધતો હોય છે. કોઈકને ઘણું બધું મેળવી લીધા બાદ ખુશી મળે છે, કોઈને એમને જોઈતું મેળવવા પ્રયત્ન કરવામાં ખુશી મળે છે તો કોઈ કોઈ ને કશું જ ન કરવામાં આનંદ આવતો હોય છે.

દરેક માનવ એક બીજાથી અલગ છે, એમનો સ્વભાવ, એમની ટેવો અલગ છે ત્યારે કોઈ ઉપર બળજબરી કરી કે જોર જુલમ કરી એ જે નથી એ બનવા પ્રેરવું એ મારા મતે એક અત્યાચાર છે. દુનિયામાં બધા હોશિયાર, સફળ માણસો જ હોય એવો કોઈ નિયમ જ્યારે નિયંતાએ નથી બનાવ્યો ત્યારે આપણે કોઈક ભોળિયા જીવને બદલવા એક હદથી વધારે પ્રયાસ કરવો એ સમય અને લાગણી બંનેનો વ્યય છે.

અમસ્તું,

ભોપા, ઉર્ફ ભૂપેન્દ્રએ એક વાતે એના બધા શિક્ષકોને ખોટા પાડી બતાવેલા, એણે સરસ્વતી બેનની કૃપા સાથે લગ્ન કર્યા છે!

@kapadianiyati

આવનારી પેઢીને તંદુરસ્ત પર્યાવરણ આપવું એ આપણી માનવીય ફરજ છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

ઝાઝુ મથે માનવી ત્યારે વીઘો માંડ પવાય,
રઘુવીર રીઝે રાજડા, ત્યારે નવખંડ લીલો થાય.

●●●

એક વખત બાદશાહે દરબારમાં બીલબલને પૂછ્યું કે 'સત્તાવીસ નક્ષત્રોમાંથી નવ કાઢી નાખીએ તો બાકી શું રહે ?' બીરબલ કહે, 'શૂન્ય - રહે' આ સાંભળીને બધા હસવા લાગ્યા. દરબારીઓએ કહ્યું, 'સત્તાવીસ નક્ષત્રોમાંથી નવ નક્ષત્રો જાય તો અઢાર નક્ષત્રો બાકી રહે. આટલું સાદું ગણિત પણ બીરબરને આવડતું નથી?' ત્યારે બીરબલે કહ્યું, 'તમારું ગણિત ખોટું છે અને જવાબ પણ ખોટો છે. પાણીના નવ નક્ષત્રો જતા રહે તો બાકી શું રહે ? શૂન્ય જ રહે.'

આજે ઋતુઓનો લય ખોરવાયો છે, એક કાળે વરસાદનો આરંભ આર્દ્રા નક્ષત્રમાં થતો એટલે એવું કહેવાતું, 'વરસે આદ્રા તો બારેમાસ ભદ્રા (સમૃદ્ધિ). ઋતુરાણી વર્ષા તો અન્નદાત્રી. અન્નપૂર્ણા છે. પાણી તો આખી પૃથ્વીનું સમૃદ્ધ સૌભાગ્ય ગણાય. સંસ્કૃતમાં 'પાણી' માટે 'જીવન' શબ્દ વપરાયો છે. અન્ન વગર કેટલાક દિવસ કાઢી શકાય પણ પાણી વિના એક દિવસ કાઢવો મુશ્કેલ પડે. જનસામાન્ય માટે પાણી જીવન છે, તો ભક્તોની દૃષ્ટિએ જળ એ પ્રભુની કરુણા છે. નદી એટલે વહેતી રહેલી પ્રભુની કરુણા.'

દોસ્તો, બાળપણના એ દિવસો યાદ આવે છે, અમારા ગામની નજીક વહેતી ગંગા જેવી પવિત્ર વાત્રક નદી અને ગામની પાદરે એક વહેળો જેને અમે 'વાંગુ' કહેતા. કેટલાક દેવીપૂજક ભાઈઓ આ નદી કાંઠે શાકભાજી, તરબૂચ જેવું વાવતા ને ગુજરાન ચલાવતા, કુટુંબના ઓરતા પૂરા થતા.

આજે તો નદીઓ અદૃશ્ય થઈ.... વહેણ અટક્યા. કારણ કાકાસાહેબના શબ્દોમાં ભગીરથ વિદ્યા વિકસી. નર્મદાના નીર ખૂણે ખૂણે પહોંચ્યા. આપણા દાદા-પરદાદાઓ પાણીને સમજી-વિચારીને વાપરતા. બોર તો હતા જ નહીં. કૂવાઓ પણ કયાંક ખપ પૂરતા જોવા મળતા. વહેલી સવારે પાંચ વાગ્યાથી કૂવે પાણી ભરવા જવું પડે. ગામની વહુઆરુઓ ગામપાદરે કપડા-વાસણ ધોવા જતી.. એટલે જ આ ગામની નદીને વહેળો અમારે મન ગંગા જેવો હતો.

ચોમાસું બેસે એટલે આખું ગામ રાહ જોઈને બેસે કયારે વરસાદ આવે ને નદી બે કાંઠે વહે. એમાં જો મૂશળધાર વરસાદ વરસે ને નદીમાં પાણી આવે ત્યારે આખું ગામ પાણી વધાવવા ઉપડે... પાણીના પૂરની જેમ ઉત્સાહ, ભાવ, પ્રેમને લાગણીનાં પૂર ઊમટે. રાજી રાજી થઈ જવાય મન ખીલી ઊઠે...

આજે વરસાદે રુપ બદલ્યું છે, હવે એના મિજાજને પારખવો દુષ્કર છે, ભડલીને વરતારા ખોટા પડે. માણસેય કયાં પરખાય છે!

મિત્રો, જળ એટલે કે પાણીના સંદર્ભે સજાગ થવું જરૂરી છે, પાણીએ ઉપયોગિતાધિષ્ઠિત છે. આપણા વૈદિકોએ તો 'જળદેવતા' કહી જળસૂક્તો ને વરુણસૂક્ત ગાયાં છે.

ઉપભોગની સાથે ઉપાસનાની ભદ્ર દૃષ્ટિ કેળવવાની શીખ આપી છે.

આજે સરેરાશ સારો વરસાદ પડે છે જળ વ્યવસ્થાપનના અભાવે મહિનાઓમાં જ પાણીની તંગીના પોકારો સાંભળવા મળે છે. પંચવર્ષીય યોજનાઓમાં મબલખ નાણાં ખર્ચ્યા પછી યે જળસંકટ તો એમનું એમ જ... પર્યાવરણ સંરક્ષણને વૃક્ષોવાવોની ઝુંબેશ - એક દેખાડાથી વિશેષ કંઈ નથી. કારણ કોરોનાના તમાચાથી દિવસે તારા દેખાયા... એ સૌએ અનુભવ્યું જ છે. પાણીના વેડફાટની તો વાત જ શી કરવી? આ પરિણામો હવે પછીની પેઢીને ભોગવવાં જ પડશે... બિસ્લેરી, આર.ઓ., કેન્ગેન વોટરની ગર્વિસી વાતો કરનારી માનવજાત હજારો ગેલન પાણી પાણીના મૂલ્યે વેડફે છે. અમારા દેવાયત પંડિતે ભાગેલી 'પડીકે પાણી' ની વાત આજે સત્ય સાબિત થઈ રહી છે. આજે પેટ્રોલિયમ પેદાશોના ભાવો વિશે ઊહાપોહ કરીએ છીએ એમ કદાચ એક વખત એવો આવશે. પાણીના ભાવ વિશે સૌ ચિંતિત હશે.

આજકાલ માબાપો પોતાના સંતાનોને સ્થાવર-જંગમ-મિલકતોને તગડા બેંક બેલેન્સની સાથે.... શું તરસ્યું ભવિષ્ય પણ આપી જશે?!!!

આજે સમાજનો એક બહુ મોટો વર્ગ બેદરકાર છે જે પાણીનો વ્યય કરે છે, દુરુપયોગ કરે છે, પાણીના મહત્ત્વને સમજતો નથી. આ અક્ષમ્ય ભૂલો છે.... આપણા પછી આવનારી પેઢીને એક સ્વસ્થ ને તંદુરસ્ત પર્યાવરણ આપવું એ આપણી માનવીય ફરજ છે. આપણા વેદો આપણને નિસર્ગ તરફ ઉપભોકતા નહીં બલકે ઉપાસનાની ભદ્ર દૃષ્ટિ કેળવવાની શીખ દે છે. નિસર્ગનું પૂજતત્વ ધ્યાનમાં રાખી પાણી બચાવીએ, કાળજીપૂર્વક વાપરીએ, પાણીનો વ્યય ન કરીએ એ દેવપૂજા જ છે. આવા ભાવ સાથે વર્ષાને વધાવીએ...

સ્પર્શમણિ :

દોસ્ત, આજે વરસાદ થયો ને કાનમાં એટલું કહી ગયો કે કોઈની ગરમી કાયમ રહેતી નથ, ભલેને પછી એ સૂરજ કેમ ના હોય.

●●●

ભગવાન પાસે ઘણી સ્કીમ છે, કોરોના, ભૂકંપ, વરસાદ, વાવાઝોડું, દુકાળ... મનુષ્ય પાસે એક જ સ્કીમ છે કર્મ...

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949